# CLASS : - X

## Sample Question Paper Summative Assessment – 1
## GUJARATI

M. Mark : 80

Time : 3 Hrs.

The question paper is divided in to four sections.

| | | |
|---|---|---|
| Section : A : | Reading Comprehension | 09 Marks. |
| Section : B : | Writing | 16 Marks. |
| Section : C : | Grammar | 15 Marks. |
| Section : D : | Literature ( Text Book ) | 40 Marks. |

All questions are compulsory.
Marks are indicated against each question.

### Section : A : Reading Comprehension ( 9 Marks. )

પ્રશ્ન : ૧.( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ નો વિકલ્પ શોધી સાચો જવાબ લખો. ૦૫

એક ભૂલની સજા હું આજ લગી ભોગવી રહ્યો છું ભણતરમાં અક્ષર સારા લખવાની જરૂર નથી. એવો ખોટો ખ્યાલ મારા મનમાં ક્યાંથી આવ્યો એ હું જાણતો નથી. પણ છેક વિલાયત જતાં લગી એ રહ્યો.પછી મુખ્યત્વે કરીને દક્ષિણ આફ્રિકામાં જ્યાં વકીલોના અને દક્ષિણ આફ્રિકામાં જન્મેલા અને ભણેલા નવયુવકોના મોતીના દાણા જેવા અક્ષરો જોયા ત્યારે હું લજવાયો અને પસ્તાયો. મેં જોયું કે નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણવી જોઈએ. મેં મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો. પણ પાકા ઘડે કંઈ કાંઠા ચડે ? જુવાનીમાં જેની મે અવગણના કરી તે હું આજ લગી નથી જ કરી શક્યો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે ને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે સારા અક્ષર શીખવા સારી ચિત્રકળા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય ઊપર પહોંચ્યો છું કે બાળકોને ચિત્રકળા પ્રથમ શીખવવી જોઈએ.

પ્રશ્નો : ૧. લેખક કયા ખોટા ખ્યાલની વાત કરે છે ?

અ. ભણતરમાં સારા અક્ષર હોવા જરૂરી છે.
બ. ભણતરમાં ખરાબ અક્ષર હોવા જરૂરી છે.
ક. ભણતરમાં ભૂલો કરી શકીએ છીએ.

૨. લેખક કોને અધૂરી કેળવણીની નિશાની ગણે છે ?

અ. પરીક્ષામાં નાપાસ થવાને.
બ.ખરાબ અક્ષરને
ક. ભૂલોને

૩. પોતાના ખોટા ખ્યાલો માટે તેઓ કયાં ગયા ત્યારે પસ્તાયા ?

અ. ભારતના જુદા જુદા ગામડાઓમાં
બ. વિલાયતમાં
ક. દક્ષિણ આફ્રિકામાં

૪. લેખક બીજાઓને શાનો દાખલો લેવાનું કહે છે ?

અ.લેખક પોતાનો દાખલો.

બ. નવયુવાનો નો.

ક. જેમના અક્ષર ખરાબ છે તેમનો.

૫. બાળકોને ચિત્રકળા શીખવવા અંગે લેખકનો શો અભિપ્રાય છે ?

અ. સારા અક્ષર માટે સારી ચિત્રકળા શીખવવી.

બ. સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ.

ક. ચિત્રકળા અને અક્ષરો બે ભિન્ન બાબત.

( બ ) નીચેનો ગદ્યખંડ વાંચી ૧ / ૩ ભાષામાં સંક્ષેપ કરો. ૦૪

સમયની મૂડી તો દરેક પાસે એકસરખી જ હોય છે પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યકિત તેને કરકસરથી, યોજનાપૂર્વક, વ્યવસ્થિત ખર્ચે છે. જ્યારે બીજી વ્યકિત તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાંખે છે. પરિણામે એક ને સંતોષ અને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યકિતને પોતાનો સમય વાપરતા આવડતું નથી તેને કશું જ વાપરતા આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે તેની પાસે વધુમાં વધુ સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શકિત પણ જમા થાય. સમય અને શકિત ભેગા થાય એ પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે.

## Section : B : Writing. (16 Marks. )

પ્રશ્નઃ ૨. ( અ.) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૧૫૦ શબ્દોમાં નિબંધ લખો. ૦૭

૧. જીવનમાં શિક્ષણનું મહત્વ.

૨. નવરાત્રિ.

૩. પાંજરામાં પુરાયેલા પંખીની આત્મકથા.

૪. સંધ્યા સમયનું સૌંદર્ય.

( બ ) વાચનનું મહત્વ સમજાવતો પત્ર તમારા નાનાભાઈને લખો. ૦૪

<u>અથવા</u>

તમે શાળામાં ૧૦ દિવસ સુધી આવી શકો તેમ નથી. તેની રજા મંજૂર કરાવતો પત્ર શાળાના આચાર્યને લખો.

પ્રશ્નઃ ૩. નીચે આપેલા મુદ્દાઓ પરથી આશરે ૧૦૦ શબ્દોમાં વાર્તા લખો. ૦૫

એક લુચ્ચો માણસ - દેવું ચૂકવવાની “ ના ” - કોર્ટ માં દાવો - લુચ્ચા માણસે વકીલ રોકવો - વકીલે તેને બેં . . . બેં. . . . બોલવાનું શીખવ્યું - ન્યાયાધીશે તેને ગાંડો ગણી નિર્દોષ જાહેર કર્યો - વકીલે ફીની માગણી કરી - જવાબમાં બેં . . . બેં . . . બોલવું. બોધ. શીર્ષક આપો.

## Section : C : Grammar (15 Marks.)

પ્રશ્ન : ૪.(અ.) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે જવાબ લખો. ૦૯

૧. હું દસમા ધોરણમાં ભણું છું ( વચન બદલો )

૨. સિંહ જંગલનો રાજા છે. ( જાતિ બદલો.)

૩. વાંદરો ઝાડ પર કૂદાકૂદ કરતો હતો ( વચન બદલો )
૪. તમારા દીકરાને ભણાવવાની શકિત મારામાં છે. ( વચન બદલો )
૫. શું શાળા એ મારું બીજું ઘર નથી ( યોગ્ય વિરામચિહ્ન મૂકો )
૬. હટ્ એવા ગાંડા સાથે કોણ બોલે ( યોગ્ય વિરામચિહ્ન મૂકો )
૭. ભિખારી ઘેર ઘેર ભીખ માંગતો હતો ( જાતિ બદલો )
૮. તેણે જાડી જાડી રોટલી બનાવી. ( જાતિ બદલો )
૯. ગંગા જમના અને સરસ્વતી ભારતની પવિત્ર નદીઓ છે ( યોગ્ય વિરામ ચિહ્ન મૂકો )

( બ. ) કૌંસમાં આપેલ સૂચના મુજબ જવાબ લખો. ૦૬
૧. પંખીડું , પખીંડુ , પંખીડૂ ( સાચી જોડણી શોધી ફરીથી લખો.)
૨. માનશિક , માનશીક , માનસિક ( સાચી જોડણી શોધી ફરીથી લખો.)
૩. ઝાલીમ , જાલિમ , જાલીમ ( સાચી જોડણી શોધી ફરીથી લખો.)
૪. પાનખરમાં બધા પાન ખરી જાય છે. ( સાદા ભવિષ્યકાળમાં ફેરવો )
૫. માળીએ ઝાડ કાપ્યું. ( પૂર્ણ ભૂતકાળમાં ફેરવો )
૬. મમ્મીએ મને વહાલથી ખવડાવ્યું. ( ચાલુ વર્તમાનકાળમાં ફેરવો )

## Section : D : Literature Text book ( 40 Marks )

પ્રશ્ન : ૫ ( અ ) કારણો આપો. ( કોઈપણ બે ) ૦૪
૧. પત્રલેખકના બાળકનું શાળામાં દાખલ થતાં પહેલાંનું વિશ્વ કેવું હતું ?
૨. શાક્યો અને કોલિયો યુધ્ધ કરવા સજ્જ થયા.
૩. લેખક પોતાને સાગરકાંઠાનું સંતાન કહે છે.
૪. તમે જે સમાચાર અશુભ ગણતા હતા તે મારા માટે તો સારા હતા.

( બ ) માત્ર એક જ વાક્યમાં જવાબ લખો.( કોઈપણ ચાર ) ૦૪
૧. મારવડા અને વિજલાસણની બાજુમાં સાબરમતી ને કઈ નદી મળે છે ?
૨. પંખીએ વેપારી પાસે શું માગ્યું ? વેપારીએ શો જવાબ આપ્યો ?
૩. ત્રિવેન્દ્રમનો દરિયો કેવા રંગનો લાગે છે ? એ જોઈ લેખકને શાનું મન થાય છે ?
૪. સજ્જન અને દુર્જન સાથે કઈ રીતે રહેવાનું પિતા પુત્રને કહે છે ?
૫. બુદ્ધે કયું શિક્ષાવચન કહ્યું ?
૬. કોઈપણ દરિયા કિનારે બાળકોમાં રહેલી કઈ સમાનતા લેખક જણાવે છે ?

પ્રશ્ન : ૬. ( અ ) ટૂંકમાં જવાબ લખો.( કોઈપણ બે ) ૦૪
૧. સાબરના પાણીની વિશેષતા શી છે ?
૨. દરિયો જોઈ લેખકને કેવી લાગણી થતી ?
૩. ભગવાન બુદ્ધ રોહિણી ને તીરે કેમ આવ્યા ?

( બ ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. ૦૮
૧. લેખકે સાબરમતીના કયા કયા સંગમોની વાત કરી છે ? કઈ રીતે ?
૨. લેખકનો સાગરપ્રેમ - ટૂંકનોંધ લખો.

૩.' આંગળી ઝાલીને એને દોરજે ' માં રજૂ થયેલ જીવનમૂલ્યો નોંધો.

પ્રશ્ન : ૭. ( અ ) નીચેની કાવ્યપંકિતઓ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નો ના જવાબ ટૂંકમાં જવાબ લખો.

૧. ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી,
સોળ સહસ્ત્ર ગોપીનો વહાલો મટુકીમાં ઘાલી.
અનાથના નાથને વેચે આહીરની નારી,
શેરીએ શેરીએ સાદ પાડે : " લ્યો કોઈ મુરારિ. "

પ્રશ્નો : ૧. ઉપરની પંકિતઓ કયા કાવ્યની છે ? તેના કવિ કોણ છે ?
૨. ભરવાડણને કેવી કહી છે ? કેમ ?
૩. સોળ સહસ્ત્ર એટલે શું ?
૪. ગોપી શેરીએ શેરીએ શો સાદ પાડતી ? ૦૪

( બ ) ટૂંકમાં જવાબ આપો.( કોઈપણ બે )
૧. કવિને માનવતાની જીત શેમાં લાગે છે ?
૨. મીરાંબાઈ કૃષ્ણને શી વિનંતી કરે છે ? શા માટે ?
૩.દંતાળી લઈને જતાં ખેડૂતને જોઈ કવિ કયો તર્કવિતર્ક કરે છે ? ૦૪

પ્રશ્ન : ૮ ( અ ) માત્ર એક જ વાક્યમાં કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો.
૧. રવિની દિવ્ય કાયા કયાં નમે છે ?
૨. પ્રભુ - ઈશ્વરને કવિ કયાં કયાં વસેલા જણાવે છે.
૩. સપૂતે કઈ પ્રતિજ્ઞા લીધી ?
૪. અખાની દૃષ્ટિએ ગુરુ પાસે શું હોવું જોઈએ ? ૦૮

( બ ) નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.( આશરે ૮૦ શબ્દો )
૧. ' સપૂત ' કાવ્યમાં પ્રગટ થયેલી સપૂતની ખુમારી નું વર્ણન કરો.
૨. કવિ ઊડી જતાં પંખીઓને શું કહીને વિનવે છે ?
૩. ' સાયંકાળે ' કાવ્યમાં કવિએ કરેલું સંધ્યાસમયનું વર્ણન કરો.

## CLASS : - IX

## Sample Question Paper Summative Assessment – 1
## GUJARATI

Time : 3 Hrs. M. Mark : 80

The question paper is divided in to four sections.

| | | |
|---|---|---|
| Section : A : | Reading Comprehension | 10 Marks. |
| Section : B : | Writing | 18 Marks. |
| Section : C : | Grammar | 12 Marks. |
| Section : D : | Literature ( Text Book ) | 40 Marks. |

All questions are compulsory.
Marks are indicated against each question.

### Section : A : Reading Comprehension ( 10 Marks. )

પ્રશ્ન: ૧ ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ નો વિકલ્પ શોધી સાચો જવાબ લખો. ૦૫

ધૂપસળી પાસેથી માનવે ઘણું શીખવાનું છે. બળતી ધૂપસળી પ્રેરણાદાયી છે. સમાજમાં સંતો પણ ધૂપસળી જેવું જ કામ કરે છે. ધૂપસળી પોતાના શરીરને બાળીને ચારેબાજુ સુવાસ ફેલાવે છે. બીજાને સુવાસ આપવા તે પોતાનું બલિદાન આપે છે. કોઈપણ સ્વાર્થ વિના માત્ર બીજાનું ભલું કરવા તે પોતાનો ભોગ આપે છે. સંતો બીજાના ભલા માટે પોતાનું જીવનખર્ચી નાખે છે. બીજાને સુખી કરવા સંતો અપાર કષ્ટો સહન કરે છે. જગતના ઝેર પીને તેઓ તો અમૃત જ આપે છે. લોકો તેમને ગમે તેટલા દુઃખો આપશે તો પણ તેઓ તો તેમનું ભલું જ ઈચ્છશે. તેમના ભલા કાર્યો પાછળ કોઈ સ્વાર્થ હોતો નથી. તેમનું જીવન ધૂપસળી ની જેમ ચારેબાજુ ભાવનાઓ રૂપી સુવાસ ફેલાવે છે.

પ્રશ્નો : (૧) ધૂપસળી ને કોની સાથે સરખાવી છે ?

(અ) માનવ સાથે.
(બ) સ્વાર્થી લોકો સાથે
(ક) સંતો સાથે.

(૨) ધૂપસળી શું કામ કરે છે ?

(અ) સુવાસ ફેલાવાનું
(બ) બીજાને બાળવાનું
(ક) સ્વાર્થ માટે ભોગ આપવાનું.

(૩) સંતો શું કામ કરે છે ?

(અ) પોતાના ભલા માટે બીજા નું જીવન ખર્ચી નાખવાનું.
(બ) બીજાનું ભલું કરવાનું
(ક) પોતે સુખી થવા બીજાને કષ્ટ આપવાનું

(૪) લોકો સંતો સાથે કેવી રીતે વર્તે છે ? છતાં સંતો શું ઈચ્છે છે ?

(અ) દુઃખ આપી સુખ ઈચ્છે છે.
(બ) મિત્રતાથી વર્તી સુખ મેળવશે.
(ક) નિસ્વાર્થ સેવા કરી લોકોને સુખ આપે છે.

(૫) યોગ્ય શીર્ષક આપો.

(અ) ધૂપસળી અને સાધુ.

(બ) સાધુ જીવન અને સામાન્ય લોકો.

(ક) ધૂપસળી અને સુવાસ.

( બ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો. ૦૫

નદીની માતા સાથેની તુલના બંધ બેસતી ગણી શકાય. નદીને કાંઠે વસીએ એટલે દુકાળની ચિંતા નહિ. મેઘરાજા રૂઠે તો કહી ન શકાય, સહી ન શકાય એવો સંતાપ કરાવે, પણ નદી તો પાકને મૂરઝાઈ જતો બચાવી લે છે. નદી કાંઠાની અતિ શુદ્ધ અને સ્ફૂર્તિ આપનારી હવા લેવા જેવી હોય છે. આથી નદી કાંઠે હંમેશા ફરવા જવાથી મન પ્રસન્ન રહે છે. નદી કાંઠે વસનારા લોકોની સમૃદ્ધિ નદી દ્વારા સર્જાયેલી હોય છે. નદી સાચે જ જનસમાજની માતા છે. નદીનું દર્શન થાય ત્યારે આપણા આનંદની કોઈ સીમા રહેતી નથી. જેના પાણીના ભંડાર કદી ખૂટતા નથી એવી પર્વતરાજની પુત્રીના દર્શન મનને મોટો આનંદ આપે છે. આથી જ યોગના સાધકો નદીને આપણા વંદનની અધિકારી ગણે છે.

પ્રશ્નો : ૧. નદીની કોની સાથે તુલના બંધબેસતી ગણી શકાય ?

૨. નદી કાંઠે રહેનારને શાની ચિંતા રહેતી નથી ? શા માટે ?

૩. નદી કોની પુત્રી કહેવાય ?

૪. નદી કાંઠે ફરવા જવાથી મન પ્રસન્ન કેમ રહે છે ?

૫. ગદ્યખંડ ને યોગ્ય શીર્ષક આપો.

## Section : B : Writing. (18 Marks. )

પ્રશ્નઃ ૨.(અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો.અથવા વાર્તા લખો. ૧૦

૧. મને શું થવું ગમે ?

૨.ગામડું બોલે છે . . . .

૩. આદર્શ વિદ્યાર્થી .

૪. આપણું ગુજરાત.

અથવા નીચે આપેલા મુદ્દાઓ પરથી આશરે ૨૦૦ શબ્દોમાં વાર્તા લખો.

એક કીડી - એક કબૂતર - બન્ને તળાવ કિનારે ઝાડ પાસે રહે - કીડીનું પાણીમાં તણાઈ જવું - કબૂતરની નજર પડવી - એક પાદડું ફેંકવું - કીડીનું પાંદડા પર ચડી જવું - કબૂતર દ્વારા કીડીનું બહાર આવવું. શિકારી - કબૂતરને મારવા નિશાન તાકવું - કીડીની શિકારી પર નજર પડવી - દોડીને શિકારીના પગ પાસે પહોંચવું અને ચટકો ભરવો - શિકારીનું નિશાન ચૂકી જવું - કબૂતરનું ઊડી જવું - શિખામણ. શીર્ષક આપો.

(બ) ગામડામાં રહેતા મિત્રને શહેરી જીવનનો પરિચય આપતો પત્ર લખો. ૦૮

## Section : C : Grammar (12 Marks. )

પ્રશ્નઃ ૩ (અ) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે કોઈપણ છ વાક્યો લખો. ૦૬

૧. મેદાનમાં છોકરાઓ રમે છે ( નામ શોધી પ્રકાર લખો.)

૨.હું ખુદ તેની મુલાકાત લેવા ગયો હતો. ( સર્વનામ શોધી પ્રકાર લખો )

૩. મારી પાસે ઘણી ચોપડીઓ છે. ( સર્વનામ શોધી પ્રકાર લખો )

૪. આજે કોણ આવવાનું છે ? ( વાક્યનો પ્રકાર જણાવો )

૫.આપણે બધા સાથે પ્રેમથી રહેવું જોઈએ. ( નામ શોધી પ્રકાર લખો )

૬. આહ ! કેવું સુંદર દશ્ય ! ( વાક્યનો પ્રકાર જણાવો )

૭. મોહન માંદો છે તેથી શાળાએ આવ્યો નથી. ( સંયોજક શોધો )

૮. જોશીનું કહેવું સાચું પડશે ( ક્રિયાપદ શોધી કાળ લખો )

(બ) યોગ્ય વિરામ ચિહ્નો મૂકો. ૦૩

૧. ગુજરાતનો રાજા ઘણું જીવો

૨.તમને સંકટમાં મદદ કરે એવા કેટલા મિત્રો

૩. ગીતા તો સંસ્કૃતમાં જ વાંચવી જોઈએ

(ક) ૧. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો. ૦૩

ધૂંધળું , ટીપણું , પાદર.

૨. નીચેના શબ્દોના વિરોધી શબ્દો આપો.

નિષ્ફળતા , દુકાળ , ગુરૂ .

## Section : D : Literature Text book ( 40 Marks )

પ્રશ્ન : ૪. ( અ )તમારા પાઠ્યપુસ્તકમાંથી લેવાયેલો નીચેનો ગદ્યખંડ નેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. ૦૫

જગડુશા : એકલા ગુજરાતની કાં વાત કરો ? આખા હિંદુસ્તાનમાં આજે દુકાળ છે. સિંધ , મેવાડ , માળવા, કાશી અને ઠેઠ કંદહાર લગી આજે લોકો ભૂખે મરે છે અને પાનખરમાં પાંદડાં ખરે તેમ ખરે છે. વખત એવો બારીક છે કે ભલભલાની લાજ જવાનો વખત છે. સાત ખોટના દીકરાના મોંમાંથી બાપ બટકું રોટલો કાઢી ખાય છે. મૂઠી ધાન સારુ માબાપ છોકરાને વેચે છે ! શી ખબર શું થવા બેઠું છે ?

રાજા : રામજી રાખશે તે રહેશે ! પણ આવે વખતે રૈયતને ટકાવી રાખવાનો રાજ્યનો ધર્મ છે.

જગડુશા : આપ સરખા પ્રજાવત્સલ રાજાના મોંમાં આવા જ શબ્દો શોભે. મેં સાંભળ્યું છે કે આપે આપના ધાનના કોઠાર અને ધનના ભંડાર ગરીબોને માટે ખુલ્લા મૂકી દીધા છે !

પ્રશ્નો : ૧. હિંદુસ્તાનમાં દુકાળ કયાં કયાં હતો ?

૨. દુકાળની પરિસ્થિતિ અંગે જગડુશા એ શું કહ્યું ?

૩. આવે સમયે રાજ્યનો શો ધર્મ છે ?

૪. રાજા વિશળદેવ કેવા રાજા હતા ? તેમણે પ્રજા માટે શું કર્યું ?

૫. પ્રજાવત્સલ , રૈયત - આ બે શબ્દોનો અર્થ આપો.

(બ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના કારણો આપો. ૦૪

૧. ‘ પાઠ પાકો થયો નથી ’ એવું યુધિષ્ઠિર વારંવાર કેમ કહેતો હતો ?

૨.જોષી કાળવાણી ઉચ્ચારતાં શા માટે ખચકાયા ?

૩. કયા સૂત્રને નજર આગળ રાખીને ગોદડાં - લૂંટ ચાલી ?

પ્રશ્નઃ ૫.(અ) કોઈપણ ત્રણ પ્રશ્નોના માત્ર એક જ વાક્યમાં જવાબ લખો. ૦૩

૧. બે પ્રસંગો - પાઠના લેખકનું નામ જણાવો.

૨.‘ સાવ પોઠિયા જેવો લાગે છે ! ’ - આ વાક્ય કોણ બોલે છે અને કોને કહે છે ?

૩. બા જીવનનું સાર્થકય શે માં માનતી ?

(બ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.( ૮૦ શબ્દોમાં ) ૦૮

૧.લેખકની બા - પાર્વતીબાનો પરિચય કરાવો.

૨. જાહેરમાં વર્તન સંબંધી કઈ કઈ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ ?

૩. ઠંડીથી બચવા ઈચ્છાકાકાએ કયો તુક્કો અજમાવ્યો ? તેનું શું પરિણામ આવ્યું ?

પ્રશ્નઃ ૬ ( અ ) નીચેની કાવ્યપંક્તિઓ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. ૦૪

વળી પરદેશી બીજા જેને ભૂમિએ પાળી મોટા કર્યાં
પરધર્મી પણ હિત ઈચ્છનારા માત તણું - ભાઈ ઠર્યાં
તેની - તેની છે ગુજરાત, પછી હોય ગમ્મે તે જાત.
તેની - તેની છે ગુજરાત.

પ્રશ્નો : ૧. ઉપરની પંક્તિઓ કયા કાવ્યની છે ? તેના કવિ કોણ છે ?

૨. ગુજરાત કયા પરદેશીઓની અને પરધર્મીઓની છે ?

૩. પરદેશી હોવા છતાં કવિ કેમ તેમને ' ભાઈ ' ગણે છે ?

૪. શબ્દોના સમાનાર્થી શબ્દ આપો. : - ભૂમિ , પરધર્મી.

(બ) કારણો આપો. કોઈપણ બે ( માત્ર ત્રણ - ચાર વાક્યોમાં ) ૦૪

૧.મહેમાનોને કાવ્યમાં કવિને શામાં પુણ્યનો પ્રભાવ દેખાય છે ?

૨. શ્રી કૃષ્ણની વાંસળીના દિવ્ય સૂરોની કેવી અસર થાય છે ?

૩.' જ ઈએ આપણે પાછાં ' કાવ્યમાં કવિને કયાં પાછા જવું છે ? ત્યાં તેમનું સ્વાગત કોણ કરશે ?

પ્રશ્નઃ૭.(અ) માત્ર એક જ વાક્યમાં જવાબ લખો. ૦૪

૧. પારસમણિ કાવ્યના કવિનું નામ લખો.

૨. શરદપૂનમની રાતે કૃષ્ણ શું કરે છે ?

૩. ભાદરવાનો ભીંડો વડને શું કહે છે ?

૪. મહેમાનોને કાવ્યના કવિનું નામ શું છે ? તે કોને સંબોધીને લખ્યું છે ?

(બ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નો સવિસ્તાર લખો. ( ૮૦ શબ્દોમાં ) ૦૮

૧. .' પારસમણિ ' કાવ્યનો પ્રસંગ તમારા શબ્દોમાં આલેખો.

૨. ' જઈએ આપણે પાછાં ' કાવ્યમાં કવિને વતનની કઈ કઈ માયા પાછા બોલાવી રહી છે ?

૩. ' ભાદરવાનો ભીંડો ' કાવ્યમાંથી મળતો બોધ લખો.